# બી.કે.એમ સાયન્સ કોલેજ વલસાડ
બી.કે.એમ.સાયન્સ કોલેજ, કોલેજ કેમ્પસ, તીથલ રોડ, વલસાડ–૩૯૬૦૦૧

---

## સિનિયર ક્લાર્ક ઉમેદવાર માટે અગત્યની સુચના

૧) આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે, જેનો ઉતરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

૨)પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩)ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે.

૫)પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ,ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે, જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામા આવશે નહિ.

- જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ હેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવા પાત્ર થશે.

૬) ઉમેદવારે વાદળી/કાળી બોલ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૭) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઈલ ફોન, પેજર,કેલ્કયુલેટર, બ્લુટુથ સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશ તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવુ કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦)પરીક્ષા સ્થળ સંચાકલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર તેમજ ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રક પોતાનો ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે,અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ સાથે રાખવાની રહેશે.

૧૪) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલકયુલેટર, પેનડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી

૧૭) ઉમેદવારે પરીક્ષા ખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

૧૮) ચેતવણી– કોલેજ દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા કોલેજ ઉપર અથવા કોલેજના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તો, તેવા ઉમેદવારને આચાર્યશ્રી દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯) વિશેષ સુચના–ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

૨૦) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ કોલેજની વેબસાઈટ https://bkmscience.ac.in પર મુકવામાં આવી છે.

૨૧) જે–તે જગ્યાના લાયક ઉમેદવારોને કોલ લેટર RPAD દ્વારા મોકલવામાં આવશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

૨૨) અનામત વર્ગના ઉમેદવાર બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે.

૨૩) સિનિયર કલાર્ક માટે ઉમેદવાર ની ઉંમર તા ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી.

૨૪) ઉમેદવારે પ્રથમ તબક્કાની પ્રીલીમીનરી પરિક્ષામાં મેળવેલ ગુણના આધારે મુખ્ય પરિક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે અને કોલેજ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

(૨૫) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબક્કે "રદ" ગણવામાં આવશે.

(૨૬) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

(૨૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરતી કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી કોલેજ "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમાણુંક થયેલ હશે તો પસંદગી/નિમાણૂંક, મંડળ/નિમાણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

(૨૮) કોલેજ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉતિર્ણ થવાથી જ ઉમેદવારને નિમાણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમાણૂંક સમયે સતાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમાણૂંક આપવામાં આવશે.

(૨૯) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટકાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૩૦) વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં તે દર્શાવવાનું રહેશે અને અરજીમાં દર્શાવેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમાણૂંક સમયે પુન: લગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

(૩૧) કોલેજ તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે કોલેજની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

આચાર્યશ્રી, (ઇ.ચા.)
બી. કે. એમ. સાયન્સ કોલેજ,
વલસાડ, ગુજરાત.